ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0











પંચદેવને મેળે... - પાટનગરના પંચદેવ મંદિરના પ્રાંગણમાં જન્માષ્ટમીનો લોકમેળે માનવ મહેરામ ઉમટ્યું હતું... વહેલી સવારથી ભાવિકો દર્શનાર્થે ઉમટ્યા હતા... જ્યારે બપોર બાદ લોકમેળામાં જમાવટ થઈ હતી... આસપાસના ગ્રામીણજનો અને શહેરીજનો પરંપરાગત પરિવેશમાં મેળો માણવા પહોંચ્યા હતા... વૈવિધ્યપૂર્ણ સ્ટોલ અને અવનવી ખરીદી કરવાની મજા પણ મેળાની અલગ જ હોય છે... ભાતીગળ માહોલ શહેરની સુવિધા વચ્ચે પંચદેવનો મેળો ગાંધીનગર જનજીવનની એક આગવી ઓળખ છે...

# શહેરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

## સવારથી મંદિરોમાં ભાવિકોની ભીડ રહી : પંચદેવ મંદિર ઉપરાંત ધોળેશ્વર અને વાસણિયા મહાદેવ ખાતે લોકમેળાં ભરાયાં : મધ્યરાત્રિએ ભગવાનના જન્મને આતશબાજી સાથે જયઘોષ કરી વધાવાયો : સોસાયટીઓમાં મટકીફોડના કાર્યક્રમો યોજાયાં

ગાંધીનગર, તા. ૨૦

ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીનો તહેવાર ગાંધીનગરમાં ખુબ ધામધૂમથી ઉજવાયો હતો. શહેરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે જન્માષ્ટમી નિમિત્તે ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યાં હતા અને પરંપરાગત લોકમેળાનો પણ આનંદ માણ્યો હતો. શહેરના મંદિરોમાં સવારથી મંદિર "જય રણછોડ, માખણ ચોર"ના નાદ ગુંજી ઉઠ્યા હતાં અને મધ્યરાત્રિએ ભગવાનના જન્મ સાથે જ "નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી"ના જયઘોષ સાથે ભક્તોમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. શહેરના પૌરાણિક મહત્વ ધરાવતા ધોળેશ્વર મહાદેવ અને નજીકના વાસણિયા મહાદેવ ખાતે પણ પરંપરાગત લોકમેળાં ભરાયાં હતાં.

શહેરીજનો વહેલી સવારથી મંદિરોમાં દર્શન માટે ભીડ જમાવી હતી જેના પગલે મંદિરોમાં સતત ઘંટારવ ગુંજતો સાંભળવા મળ્યો હતો. કોરોના કપરાં કાળ બાદ ફરી એકવાર ગાંધીનગરના મંદિરોમાં અને રહેણાંક સોસાયટીઓમાં પણ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી થવા પામી હતી. મધરાતે કાનુડાના જન્મના દર્શન સાથે જ







શહેરીજનોએ "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી, હાથી-ઘોડા-પાલખી જય કનૈયાલાલ કી.."ના જયઘોષ સાથે બાલકૃષ્ણના ઓવારણાં લીધાં હતાં. શહેરના અનેક મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવના અયોજન કરાયાં હતાં. સેક્ટર-૨૧માં હવેલી મંદિર ખાતે પણ મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજે જન્માષ્ટમીની ઉજવણી કરી હતી અને આજે સવારે હર્ષોલ્લાસ સાથે નંદોત્સવ માણ્યો હતો. શહેરમાં રહેણાંક સોસાયટીઓમાં પણ ઠેર ઠેર મટકી ફોડના કાર્યક્રમો સાથે ભગવાનના જન્મોત્સવની ઉજવણીના આયોજન કરાયાં હતાં.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૪ કેસ : શહેરમાં ૩ કેસ

### ગાંધીનગર શહેરમાં ૩ કેસ તો કલોલમાં દોઢ વર્ષની દિકરી સ્વાઈન ફ્લુની ઝપેટમાં

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લામાં આજે સ્વાઈન ફ્લુના વધુ ૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ કેસ શહેરમાં અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયો છે.

જિલ્લામાં બેવડી ઋતુનુ જે વાતાવરણ જામ્યુ છે તેને લઈ સ્વાઈન ફ્લુના કેસ વધી રહ્યા છે તેવી પણ ચર્ચાઓ જામી છે. સ્વાઈન ફ્લુના આજે નોંધાયેલા કેસમાં આજે કલોલ શહેરમાંથી દોઢ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુનો બીજો કેસ નાના બાળકનો નોંધાયો છે. અગાઉ ૭ વર્ષનું બાળક હતુ તે સારવાર બાદ સાજુ થઈ જતાં રજા અપાઈ છે. આજે દોઢ વર્ષની નાની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાં નોંધાયેલા આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે અને ત્યાં તેણીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. નાના બાળકોમાં સ્વાઈન ફ્લુ દેખાતા તંત્રની ચિંતા વધી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૩ કેસમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા ૩ એ દર્દી ૬૦થી વધુ વયના છે. સ્વાઈન ફ્લુની ઝપેટમાં મોટી વયના લોકો સપડાઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વસ્તીનું સૌથી વધુ ભારણ ધરાવતા સે. ૨૪માંથી એક ૭૮ વર્ષીય મહિલા, સે. ૧ માંથી ૬૦ વર્ષીય મહિલા અને સુઘડ ગામેથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૪ અને સુઘડના દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે સે. ૧ માં નોંધાયેલ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૧ થઈ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આ કેસોની સંખ્યા ૯ થઈ છે. છેલ્લા એક પખવાડિયામાં જ આ કેસો નોંધાતા તંત્રની ચિંતા વધી છે.

## પંચદેવ મંદિર આસપાસથી જ ૬ ટન કચરાનો નિકાલ કરાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં ગઈકાલે જન્માષ્ટમીનો પંચદવે મંદિર ખાતે યોજાયેલ પરંપરાગત મેળામાં લોકોએ અસહ્ય ગંદકીનો કચરો ઠાલવ્યો હતો. ૨૦ હજારથી વધુ કૃષ્ણભક્તોએ આ મેળાને માણ્યો હોવાનો અંદાજ છે. આ પરંપરાગત મેળામાં ખાવાની ચીજો આરોગ્યા બાદ તેનો કચરો તેમજ પ્લાસ્ટીક અને અન્ય કચરો પંચદેવ મંદિર અને આસપાસમાં જ નાખ્યો હતો.

આજે ગાંધીનગર મહાનગરપાલિકાની વોર્ડ નં. ૫ ની ત્રણ ટીમો સેનેટરી ઈન્સ્પેક્ટર સુનિલભાઈ સોલંકીની આગેવાનીમાં સફાઈ માટે કામે લાગી હતી. આ ટીમોએ આજે સવારથી સ્વચ્છતાનું અભિયાન હાથ ધર્યુ હતુ અને ૬ જેટલા ટ્રેક્ટર ભરીને આ કચરો દૂર કર્યો હતો.

એક ટ્રેક્ટરમાં અંદાજે એક ટન જેટલો કચરો ભરાતો હોય છે અર્થાત ૬ ટકા કચરો આજે દૂર કરવામાં આવ્યો હતો. જોકે કાલે પણ આ સ્વચ્છતા અભિયાન ચાલુ રહેશે અને બાકી રહી ગયેલ કચરો દૂર કરવામાં આવશે. બે વર્ષના કોરોના કાળ બાદ આ મેળાનું આયોજન થયુ હતુ. મેળામાં અખાદ્ય ચીજોનો વેપલો પણ મોટા પાયે થયો હતો જો કે ખોરાક ઔષધ નિયમન તંત્રના ઉદાસીન વલણને લઈ શહેરીજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ગઈકાલે યોજાયેલા મેળાને કારણે સે. ૨૨માં વાહન-પાર્કિંગની પણ સમસ્યા ઉભી થઈ હતી. બે રોડ પંચદેવ મંદિરને જોડતા બંધ કરવામાં આવ્યા હતા. છુટા છવાયા હળવા ઝાપટા ને પછી દિવસ દરમ્યાન આકાશ વાદળછાયુ રહ્યુ હતુ પરંતુ વરસાદ વરસ્યો ન હતો.

# શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૧૪ કેસ નોંધાયા

### સરગાસણમાં બે બાળકો સહિત ૪ કેસ નોંધાયા : જિલ્લાના ગ્રામ્યમાં ૪ કેસ : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ કેસ સરગાસણ ગામમાંથી ઉપરાંત સે. ૧૪, ૪, ૭, ૩૦, ૮, કોબામાંથી મળ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ છે. શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૪ કેસ નોંધાયા છે. શહેરમાં નવા ૧૦ કેસ અને ગ્રામ્યમાં નવા ૪ કેસ નોંધાયા છે.

પર્વો અને ઉત્સવોને પગલે શહેર-જિલ્લામાં ટેસ્ટીંગમાં ઘટાડો થયો છે. જો કે સંક્રમણ સ્થિર થયુ છે અને કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

લોકલ ટ્રાન્સમિશનથી નોંધાતા કેસોની સંખ્યા વધી રહી છે. હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે પણ જે રીતે અંતરિયાળ વિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સઘન સર્વેલન્સ વેક્સિનેશન અભિયાન પર ભાર મુક્યો છે.

આરોગ્ય કર્મયોગીઓની રિપોર્ટીંગ નહિ કરવાના નિર્ણયની અસરો પણ આરોગ્યતંત્ર પર જોવા મળી રહી છે. કોરોના-સ્વાઈન ફ્લુ તેમજ વાહકજન્ય રોગચાળાના કેસો મળતાં એક સાથે ત્રણ-ત્રણ મોરચે તંત્રને લડવાનું થઈ રહ્યુ છે. શહેર-જિલ્લામાં હવામાનમાં પણ બેવડી ઋતુ પ્રવર્તતી હોવાથી વાઈરલ બિમારીના કેસો પણ વધી પડ્યા છે એટલે તંત્ર માટે એક સાંધે તેર તુટે જેવી સ્થિતિ ઉભી થઈ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં બે કેસ ગાંધીનગરમાં અને ૨ કેસ કલોલમાં નોંધાયા છે.

ગાંધીનગર અને કલોલમાં કેસો સતત વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં આજે નોંધાયેલ ૪ કેસમાં બે કેસ મહિલા દર્દીના છે.

ગાંધીનગર તાલુકાના શેરથા અને કોરોના માટે હોટ સ્પોટ બનેલ અડાલજમાંથી આજે કેસ મળી આવેલ છે.

કલોલમાં એક કેસ ખાત્રજ ગામેથી તો એક કેસ કલોલ શહેરના અર્બન-૨ વિસ્તારમાંથી મળી આવેલ છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૪ એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલ કેસ સાથે જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૮૦ જેટલી છે, જે હાલ સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી થયાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા ઉગ્ર રજૂઆત

### સેક્ટરોમાં નિયત સમયના અંતે માર્ગોની સુધારણા આમ પણ જરૂરી બીજીતરફ ચોમાસામાં સેક્ટરોનુ આંતરિક રોડ નેટવર્ક અત્યંત ઉબડ ખાબડ બનતા રહીશો ત્રાહીમામ

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં વરસાદી મોસમની જમાવટ સાથે સેકટરોમાં અનેકવિધ સમસ્યાઓ પણ સ્થાનિકો માટે પરેશાનીનુ કારણ બની છે. વરસાદી દિવસોમાં સેકટરોનુ આંતરિક રોડ નેટવર્ક પણ અત્યંત ઉબડ ખાબડ બનતા રહીશો માટે આંતરિક વિસ્તારોમાં રોડ સેફટી જોખમાઈ છે. સેકટરોમાં આમ પણ છેલ્લા ચાર વર્ષથી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી નથી. જયારે વરસાદી દિવસોમાં રસ્તાઓની હાલત વધુ ખરાબ થઈ છે. જેના લીધે ચોમાસા બાદ તુરંત જ સેકટરોમાં માર્ગ રીસરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગરના સેકટરોમાં વરસાદી મોસમની સાથે અવનવી સમસ્યાઓ જોવા મળી રહી છે. સેકટરોમા ગંદકી અને કાદવ કિચ્ચડ વચ્ચે જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. જેના લીધે સેકટરવાસીઓમાં રોગચાળાની દહેશત પણ પ્રબળ બની છે. સેકટરોમાં ઉભરતી વરસાદી સમસ્યાઓથી રહીશો ત્રાહીમામ છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની દુર્દશા પણ રહીશો માટે પરેશાનીનુ કારણ બની છે. એકબાજુ વરસાદી દિવસોમાં ઠેર ઠેર ખોદકામના અંતે માટી પોલાણ થાય છે. જેના લીધે જોખમી સ્થિતિ સર્જાઈ છે. પાણી ગટરની લાઈનના ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થતા ગમે ત્યારે વરસાદી પાણી ભળતા ગાબડુ અસ્તિત્વમાં આવે છે. નગરના માર્ગો વચાળે પણ ગાબડા પડતા જોખમી સ્થિતિ સર્જાય છે. આ જોખમી સ્થિતિ વચ્ચે સેકટરોમાં પણ આંતરિક માર્ગો અત્યંત ઉબડ ખાબડ બનતા સેકટરવાસીઓ તોબા પોકારી ગયા છે. આમ પણ સેકટરોના આંતરિક માર્ગોનુ નિયત સમયના અંતે પણ રીસરફેસીંગ કરવામાં આવ્યુ નથી. જેના લીધે ત્રણ ચાર વર્ષનો સમય વિતી ગયા બાદ સેકટરોના માર્ગોની દશા બેઠી છે. જયારે હાલ છેલ્લા બે મહીનાથી સતત વરસાદી પાણી ટપકતા આંતરિક માર્ગોની દશા વધુ ખરાબ થઈ છે. ઉબડ ખાબડ બનતા માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ આગામી દિવસામાં હાથ

● અનુસંધાન પાન-૭ પર

**નોકરી ખાલી છે ટેકનીશિયન માટે**

પોસ્ટ (૧) : વાયરમેન/ઇલેક્ટ્રિશિયન
લાયકાત : આઇટીઆઇ/ઇલેક્ટ્રિશિયન

પોસ્ટ (૨) : ફિટર
લાયકાત : આઇટીઆઇ ફિટર

પોસ્ટ (૩) : ઇન્સ્ટુમેંટ મિકેનિક.
લાયકાત : આઇટીઆઇ ઇન્સ્ટુમેંટ મિકેનિક

સંપર્ક : ૯૬૦૧૮ ૧૮૮૪૯
મેઈલ : creativepm9@yahoo.com

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · ASTRAL PIPES · PRINCE · Jaquar · DR. FIXIT · Birla White · VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com